# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ | નડીયાદ | ખેડા | પેટલાદ | ઉમરેઠ | ખંભાત | ડાકોર | લુણાવાડા | બાલાસિનોર

મંગળવાર ૨ જૂન, ૨૦૨૬



**‘જનગણનાથી જન કલ્યાણ’ના મંત્ર સાથે 30મી જૂન સુધી ચાલશે ઘર-યાદીની કામગીરી**

# આણંદ જિલ્લામાં ૩,૩૨૬ કર્મચારી દ્વારા ડિજિટલ જનગણનાનો પ્રારંભ

**પેપરલેસ ટેક્નોલોજીથી** ૨,૮૮૪ ગણતરીદારો ઘરે-ઘરે જઈ માહિતી એકત્ર કરશે

(પ્રતિનિધિ) આણંદ તા.૧

દેશ અને રાજ્યના સર્વાંગી વિકાસના આયોજન માટે અત્યંત મહત્વપૂર્ણ એવી વસ્તી ગણતરી-૨૦૨૭નો ૧લી જૂન, ૨૦૨૬થી આણંદ જિલ્લામાં વિધિવત પ્રારંભ થયો છે. આ વખતે સમગ્ર પ્રક્રિયા સંપૂર્ણપણે પેપરલેસ અને ડિજિટલ ટેક્નોલોજીના ઉપયોગથી હાથ ધરવામાં આવી રહી છે, જેનાથી



સમયનો બચાવ થશે અને વિકાસલક્ષી યોજનાઓનું સચોટ આયોજન શક્ય બનશે.

આણંદ જિલ્લાનું વહીવટી માળખું અને આંકડાકીય વિગત આણંદ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આ મહાઅભિયાન માટે કુલ ૩,૩૨૬ અધિકારી અને કર્મચારીઓની નિયુક્તિ કરવામાં આવી છે.

જેમાં ૨,૮૮૪ ગણતરીદારો ઘરે-ઘરે જઈને વિગતો મેળવશે. આ ઉપરાંત ૪૪૨ સુપરવાઈઝર આ ગણતરીદારોની કામગીરીનું નિરીક્ષણ અને માર્ગદર્શન કરશે. આ વસતી ગમતરી ૩૦મી જૂન દરમિયાન પ્રથમ તબક્કે ઘર-યાદી અને મકાનોની ગણતરી કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, નાગરિકોની સરળતા માટે તમામ ગણતરીદારોને સત્તાવાર ઓળખપત્રો આપવામાં આવ્યા છે.

**કલેક્ટરની નગરજનોને અપીલ**

ઇન્ચાર્જ કલેક્ટર દેવાહુતીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, વસ્તી ગણતરી એ શિક્ષણ, આરોગ્ય અને માળખાકીય સુવિધાઓના આયોજનનો મજબૂત આધાર છે. તેમણે નગરજનોને અપીલ કરી છે કે, જ્યારે ગણતરીદારો ઘરે આવે ત્યારે તેમને પૂરતો સહકાર આપી, પરિવારની સાચી અને સચોટ માહિતી નોંધાવી જવાબદાર નાગરિક તરીકેની ફરજ નિભાવે.

## કરમસદ-આણંદ મહાનગરપાલિકાના પદાધિકારીઓ સરકારી ગાડીમાં ‘ઠાકોરજી’ના શરણે પહોંચ્યા !



કરમસદ-આણંદ મહાનગરપાલિકાના નવનિયુક્ત સત્તાધીશો માટે વડાપ્રધાનના આ સૂચનો જાણે ગૌણ હોય તેમ લાગી રહ્યું છે. તાજેતરમાં જ ચૂંટાયેલી પાંખના મેયર અને ડેપ્યુટી મેયર સહિતના પદાધિકારીઓ વડાપ્રધાનના ઇંધણ બચાવવાના આદેશના સરેઆમ લીરેલીરા ઉડાડતા જોવા મળ્યા હતા. આ પદાધિકારીઓ ‘ગવર્મેન્ટ ઓફ ગુજરાત’ લખેલી GJ 23 GA 1001 નંબરની સરકારી કાર લઈને ડાકોરના ઠાકોરના દર્શને ઉપડી ગયા હતા. આમ, પદાધિકારીઓ સરકારી ગાડીનો ધાર્મિક મુલાકાત માટે ઉપયોગ કરતા શહેરભરમાં આ મુદ્દો ભારે ચર્ચાની એરણે ચઢ્યો છે. વડાપ્રધાનની શિખામણ નેવે મૂકીને સરકારી સંપત્તિનો આ પ્રકારે ઉપયોગ કરવા બદલ લોકોમાં અનેક તર્ક-વિતર્ક સર્જાયા છે.

# નડિયાદમાં ચેક રિટર્ન કેસમાં દંપતીને ૧૨ માસની કેદ

**કોર્ટે રૂ.૨૮.૮૨ લાખનું** વળતર ચૂકવવા આદેશ અને વળતર ન ચૂકવાય તો વધુ ૬ માસની કેદ

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧

નડિયાદની એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટે ચેક રિટર્ન કેસમાં એક મહત્વપૂર્ણ ચુકાદો આપતા બારેજાના પતિ-પત્નીને કસૂરવાર ઠરાવી ૧૨ માસની સાદી કેદની સજા ફટકારી છે. આ સાથે અદાલતે ફરિયાદીને કુલ ૨૮.૮૨ લાખ રૂપિયા વળતર પેટે ચૂકવવાનો આદેશ કર્યો છે.

મહુધા તાલુકાના મોટી ખડોલ ગામે રહેતા ખેડૂત કર્દમભાઈ પટેલે તેમના મિત્ર અને બારેજાના વતની હિતેશ નગીનભાઈ પટેલ તથા તેમના પત્ની શિવાંગીબેનને વિઝા કન્સલ્ટિંગ અને ટ્રાવેલ્સના વ્યવસાય માટે વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન કુલ ૨૯.૨૦ લાખ રૂપિયા હાથઉછીના આપ્યા હતા. આ રકમ પરત કરવા માટે હિતેશભાઈએ ૮ લાખ રૂપિયાના ૪ ચેક અને શિવાંગીબેને ૧૮.૨૦ લાખનો ૧ ચેક આપ્યો હતો.

આ ચેક બેંકમાં જમા કરાવતા તે ‘એકાઉન્ટ બ્લોક’ના શેરા સાથે પરત ફર્યા હતા, જેના પગલે નડિયાદ કોર્ટમાં નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યો હતો. આ કેસની સુનાવણી બાદ ન્યાયાધીશે બંને આરોપીઓને ૧૨-૧૨ માસની જેલની સજા ફટકારી છે. વધુમાં, હિતેશભાઈને ૮.૮૦ લાખ રૂપિયા અને શિવાંગીબેનને ૨૦.૦૨ લાખ રૂપિયા એક માસમાં ફરિયાદીને ચૂકવી આપવા હુકમ કર્યો છે. જો આ રકમ ચૂકવવામાં કસૂર થશે તો બંનેએ વધુ ૬ માસની સાદી કેદ ભોગવવી પડશે.

**નડિયાદ મહાનગરપાલિકાનો ઢોર પકડવાનો કોન્ટ્રાક્ટ માત્ર કાગળ પર જ રહ્યો**

# નડિયાદમાં રખડતા ઢોરનો આતંક આખલા યુદ્ધથી નાસભાગ મચી

**તંત્ર અને ઢોર** માલિકોની મિલીભગતથી પ્રજાના જીવ જોખમમાં મુકાયાં



(પ્રતિનિધિ) નડિયાદ તા.૧

નડિયાદ શહેરમાં રખડતા ઢોરોનો ત્રાસ હવે ચરમસીમાએ પહોંચ્યો છે. રવિવારની રજાના દિવસે શહેરના વ્યસ્ત એવા ડી-માર્ટ બહાર અચાનક બે આખલાઓ યુદ્ધે ચઢતા ખરીદી કરવા આવેલા લોકોમાં ભારે નાસભાગ મચી ગઈ હતી. તોફાને ચઢેલા આખલાઓએ પાર્કિંગમાં મુકેલા ૩ થી ૪ વાહનોને અડફેટે લઈ જમીનદોસ્ત કરી દીધા હતા, જેના કારણે વાહનોને ભારે નુકસાન પહોંચ્યું હતું. આ ભયાનક દ્રશ્યો જોઈ લોકોના જીવ તાળવે ચોંટ્યા હતા. સ્થાનિક તંત્રની નિષ્ક્રિયતાને કારણે શહેરના મુખ્ય માર્ગો પર ઢોરોએ અડીંગો જમાવ્યો છે, જે રાહદારીઓ અને વાહનચાલકો માટે જીવલેણ સાબિત થઈ રહ્યો છે.

નડિયાદને મનપા નો દરજ્જો મળ્યા બાદ પણ વહીવટી તંત્રની કાર્યશૈલીમાં કોઈ સુધારો આવ્યો નથી. ઢોર પકડવા માટેના સરકારી આંકડાઓ માત્ર કાગળ પરની માયાજાળ સમાન છે. આરોપ છે કે ઢોર પકડનાર કોન્ટ્રાક્ટરની ટીમ અને ઢોર માલિકો વચ્ચે છૂપી મિલીભગત ચાલી રહી છે, જેના કારણે પ્રજાના ટેક્સના પૈસાનો વેડફાટ થઈ રહ્યો છે અને રસ્તાઓ પરથી ઢોર હટતા નથી. અગાઉ હાઈકોર્ટે પણ આ મુદ્દે કડક વલણ અપનાવ્યું હતું, તેમ છતાં મનપાના અધિકારીઓ કાયદા કે કોર્ટના આદેશોનો સરેઆમ ઉલાળીયો કરી રહ્યા હોય તેમ જણાય છે. આશ્ચર્યજનક બાબત એ છે કે, હાઈકોર્ટની ગાઈડલાઈન મુજબ શહેરી વિસ્તારના તમામ પશુઓની નોંધણી અને તેઓને આરએફઆઈડી ચીપ લગાવવી ફરજિયાત છે. નડિયાદમાં આ નિયમોનો કોઈ જ અમલ થતો નથી અને રસ્તા પરના તમામ ઢોર કોઈપણ ઓળખ વગર ફરી રહ્યા છે.

**ધારાસભ્યના પત્રને અધિકારીઓ ઘોળીને પી ગયા**

નડિયાદના ધારાસભ્ય પંકજભાઈ દેસાઈએ તંત્રને પત્ર લખી રખડતા ઢોરની સમસ્યાનું તાકીદે નિવારણ લાવવા કડક સૂચના આપી હતી. જોકે, જડ બનેલા અધિકારીઓએ ચૂંટાયેલા પ્રતિનિધિની સૂચનાને પણ કોઈ મહત્વ આપ્યું નથી, પરિણામે પરિસ્થિતિ વધુ વણસી છે.

# અમૂલ દાણના ભાવમાં તોતિંગ વધારો કરાયો

**૭૦ કિલોના અમૂલ** દાણના વેચાણ ભાવમાં રૂા. ૧૦૦ અને ૫૦ કિલોના દાણના વેચાણ ભાવમાં રૂા. ૪૫નો વધારો

(પ્રતિનિધિ) આણંદ તા ૧

અમૂલ દાણના ભાવમાં ૧ જૂન ૨૦૨૬થી વધારો જાહેર કરવામાં આવ્યો છે. પરિપત્ર મુજબ ૭૦ કિલોના અમૂલ દાણના વેચાણ ભાવમાં રૂ. ૧૦૦ અને ૫૦ કિલોના દાણના વેચાણ ભાવમાં રૂ. ૪૫નો વધારો કરાયો છે.

નવી કિંમતો અનુસાર ૭૦ કિલો બેગનો વેચાણ ભાવ રૂ. ૧૫૨૦થી વધારી રૂ. ૧૬૨૦ કરવામાં આવ્યો છે, જ્યારે ૫૦ કિલોની બેગનો વેચાણ ભાવ રૂ. ૧૧૦૦થી વધારી રૂ. ૧૧૪૫ કરવામાં આવ્યો છે.

પશુપાલકોમાં ભાવ વધારો કરવાના નિર્ણયથી ભારે આર્થિક બોજો સહન કરવાનો વારો આવ્યો છે. એક તરફ પશુઓના પોષણ માટે જરૂરી દાણના ભાવમાં સતત વધારો થવાથી દૂધ ઉત્પાદન ખર્ચ વધી રહ્યો છે, તો બીજી તરફ દૂધના ખરીદી ભાવમાં પોષણક્ષમ પ્રમાણમાં ભાવ વધારો ન થતાં પશુપાલકોની આર્થિક સ્થિતિ પર સીધી અસર થઈ છે. ડીઝલ, મજૂરી, પશુ સારવાર, લીલો અને સુકો ચારો તેમજ અન્ય ખર્ચ પહેલાથી જ ઊંચા સ્તરે પહોંચી ગયા છે, ત્યારે ખાસ કરીને નાના અને મધ્યમ વર્ગના પશુપાલકો માટે વધતો ખર્ચ ચિંતાજનક બન્યો છે. પશુપાલકોમાં માંગ ઉઠી રહી છે કે પશુ આહારના ભાવવધારા સાથે દૂધ ખરીદીના ભાવમાં પણ યોગ્ય વધારો કરવામાં આવે, જેથી વધતા ખર્ચનો બોજ પશુપાલકોના ખભા પર ન પડે.

**ખેતરમાં ચાલતા મોટા અડ્ડા પર દરોડો, ભાગવા જતાં મુખ્ય સૂત્રધાર ઘવાયો**

# કણભા ગામમાં ચાલતા જુગારના અડ્ડા પર દરોડો : ૧૫ પકડાયા

**સ્ટેટ મોનીટરીંગ સેલે** દરોડો પાડી ૪.૦૭ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

(પ્રતિનિધિ) બોરસદ તા. ૧

બોરસદ તાલુકાના કણભા ગામે ગાંધીનગર સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે બાતમીના આધારે મોટાપાયે ચાલતા જુગારધામ પર દરોડો પાડ્યો છે. આ કાર્યવાહીમાં પોલીસે ૧૫ શખ્સોને રંગેહાથ ઝડપી પાડ્યા હતા.

સ્ટેટ મોનીટરીંગ સેલને ચોક્કસ બાતમી મળી હતી કે, કણભા ગામના મેહરપુરા રોડ પર આવેલ રામસિંહ ગરાસિયાના ખુલ્લા ખેતરમાં શૈલેષ ઉર્ફે લાલો પઢીયાર બહારથી માણસો બોલાવી જુગાર રમાડી રહ્યો છે. આ બાતમી મુજબ એસએમસીની ટીમે દરોડો પાડતા જુગારીઓમાં નાસભાગ મચી ગઈ હતી. આ દરમિયાન મુખ્ય સૂત્રધાર શૈલેષ પઢીયાર ભાગવા જતાં ખેતરમાં તાર સાથે અથડાતા નીચે પડી ગયો હતો, જેના કારણે તેને ઈજાઓ પહોંચી હતી. સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા સ્થળ પરથી જુગાર રમવાના સાધનો, રોકડ રકમ, ૧૬ મોબાઈલ ફોન અને ૭ ટુ-વ્હીલર વાહનો જપ્ત કર્યા છે. આ મામલે વિરસદ પોલીસ મથકે ગુનો નોંધાયો છે.

**દરોડામાં કોણ કોણ પકડાયું ?**

એસએમસીના દરોડામાં જુગાર રમતાં સંજય અશોકભાઈ (રહે. મેતપુર), ઝહીર ઉસ્માનખાન પઠાણ, સાબીર નુરમહંમદ પઠાણ (બંને રહે. કણભા), સલીમ સમશેરમીયા મલેક (રહે રાલજ), દીલીપ બીપીન પઢીયાર(રહે. કણભા), મહંમદસાદીક સાકીર મલેક (રહે. ખંભાત), આસીફ યુસુફ વ્હોરા (રહે. કણભા), મોહંમદઆશીફ મુસ્તાકમીયા મલેક (રહે. પેટલાદ), લીયાકત હબીબખાન પઠાણ (રહે. વાસણા બોરસદ), સંજય માનસિંહ પરમાર (રહે. ખડોધી ખંભાત), જીતેન્દ્ર વિક્રમસિંહ સોલંકી (રહે. મોટીશેરડી બોરસદ), રતીલાલ રૂપસિંહ સોલંકી (રહે. કઠાણા બોરસદ), વિક્રમ અરવિંદભાઈ ચાવડા (રહે. કણભા), રોહીત બંસીલાલ ખલાસ (રહે. ખંભાત) તથા શૈલેષ ઉર્ફે લાલો ગીરવતસિંહ પઢીયાર(રહે. કણભા)ને ઝડપી પાડ્યાં હતાં.

# યુવક સાથે સાયબર ગઠિયા દ્વારા ૯૨ હજારની છેતરપિંડી

**ગુગલ પરથી મેળવેલા** હેલ્પલાઇન નંબર પર સંપર્ક કરતા ગઠિયાએ ખાતું સાફ કરી દીધું

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧

વસો તાલુકાના રુણ ગામમાં રહેતા યુવક સાથે હોટલ બુકિંગમાં નામ એડિટ કરવાના બહાને રૂ. ૯૨ હજારની છેતરપિંડી થઈ હોવાની ઘટના બની છે.

રુણ ગામમાં રહેતા બ્રિજેશકુમાર પ્રજાપતિ પરિવાર સાથે રાજસ્થાનના કુંભલગઢ ફરવા જવાના હતા. આ માટે તેમણે ‘અગોડા’ નામની એપ પરથી હોટલ બુક કરી હતી, પરંતુ બુકિંગમાં નામ લખવામાં ભૂલ થઈ હતી. આ નામ સુધારવા માટે તેમણે ગુગલ પરથી સર્ચ કરી હેલ્પલાઈન નંબર મેળવ્યો હતો. જ્યારે બ્રિજેશકુમારે હેલ્પલાઈન પર કોલ કર્યો ત્યારે નંબર વ્યસ્ત હતો, પરંતુ થોડીવારમાં સામેથી અજાણ્યા હિન્દી ભાષી શખ્સનો ફોન આવ્યો હતો. ગઠિયાએ વિશ્વાસમાં લઈ જણાવ્યું કે તમારું નામ એડિટ થઈ જશે અને તે માટે વોટ્સએપ કોલ પર વિગતો આપવા જણાવ્યું હતું. આ દરમિયાન અચાનક બ્રિજેશકુમારનો મોબાઈલ હેંગ થઈ ગયો હતો. યુવક સામેવાળાનો અવાજ સાંભળી શકતો હતો પરંતુ ફોન પરનો કાબૂ ગુમાવી દીધો હતો. આ તકનો લાભ લઈ ગઠિયાએ બેંક ખાતામાંથી રૂ. ૯૨ હજાર ટ્રાન્સફર કરી લીધા હતાં. બેંકમાંથી નાણાં ડેબિટ થયાનો મેસેજ આવતા યુવકને પોતાની સાથે થયેલી છેતરપિંડીનો અહેસાસ થયો હતો. આ મામલે બ્રિજેશકુમારની ફરિયાદના આધારે વસો પોલીસે ગુનો નોંધ્યો હતો.

# બોરસદ પાલિકાના સીઓ સામે 12 નગરસેવકે મોરચો માંડયો

**અપક્ષ ચુંટાયેલા 12** કાઉન્સિલરોએ ગંભીર આક્ષેપો સાથે તપાસની માંગ કરી



(પ્રતિનિધિ) બોરસદ તા.૧

બોરસદ નગરપાલિકાની ચૂંટણીમાં અપક્ષ ઉમેદવારો તરીકે ચુંટાયેલા ૧૨ કાઉન્સિલરોએ નગરપાલિકાના પ્રમુખ અને ઉપપ્રમુખને લેખિત પત્ર પાઠવી આગામી બોર્ડ બેઠકમાં ઠરાવ પસાર કરીને ચીફ ઓફિસર વિરાજ શાહ દ્વારા તા. 1 ઓગસ્ટ, 2023થી આજદિન સુધી કરવામાં આવેલી કામગીરીની તપાસ કરાવવા માંગ કરી છે.

નગરપાલિકા પ્રમુખ ઉપપ્રમુખને સંબોધન કરીને લખાયેલા પત્રમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે સાડા ત્રણ વર્ષના વહીવટદાર શાસન દરમિયાન જાહેર હિતને નુકસાન પહોંચાડતા નિર્ણયો લેવામાં આવ્યા હતા, જેના કારણે નગરપાલિકા તેમજ સરકારને આર્થિક નુકસાન થયું હોવાની આશંકા છે. ઉપરાંત વિકાસના કામોમાં પક્ષપાત કરવામાં આવ્યો હોવાનો પણ આરોપ લગાવવામાં આવ્યો છે.કાઉન્સિલરોના જણાવ્યા મુજબ, વહીવટદાર શાસન દરમિયાન માત્ર ચોક્કસ વિસ્તારોમાં જ કરોડો રૂપિયાના વિકાસ કાર્યો હાથ ધરાયા હતા, જ્યારે અન્ય વિસ્તારોની અવગણના કરવામાં આવી હતી. સાથે જ નીતિ-નિયમો અને સ્થાપિત કાયદાઓને અવગણીને અનેક નિર્ણયો લેવામાં આવ્યા હોવાનો પણ પત્રમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે.આ સમગ્ર મામલે આગામી બોર્ડ બેઠકમાં ચર્ચા થવાની શક્યતા છે. જો તપાસ માટે ઠરાવ પસાર થશે તો નગરપાલિકાના વહીવટી તંત્ર સામે અનેક પ્રશ્નો ઉભા થઈ શકે છે.ચીફ ઓફિસર સામે 12 કાઉન્સિલરો દ્વારા રજૂઆત થતાં શહેરમાં આ મુદ્દો ટોક ઓફ ધ ટાઉન બન્યો છે. જોકે, આક્ષેપોને લઈને ચીફ ઓફિસર તરફથી કોઈ ખુલાસો કરવામાં આવ્યો નથી. જેથી આ મામલે આગામી બોર્ડ બેઠકમાં નવા જુની થવાનાં એંધાણ વર્તાઇ રહ્યા છે.

# ખંભાતના બે યુવાનોની ઇંગ્લેન્ડમાં કબડ્ડી લીગ માટે પસંદગી થઇ

**ખેલાડીઓએ લીગની** તમામ મેચો, તાલીમ શિબિરો, પ્રચારાત્મક કાર્યક્રમો અને સત્તાવાર પ્રવૃત્તિઓમાં સક્રિય રીતે ભાગ લેશે

(પ્રતિનિધિ) ખંભાત તા ૧

આણંદ જિલ્લાના ખંભાત તાલુકાના જલુંધ ગામના વતની અને હાલમાં લંડનમાં રહેતા ભારતીય કબડ્ડી ખેલાડી સંજયકુમાર નારણભાઈ ઠાકોર અને સાહિલકુમાર તેમજ સૌરાષ્ટ્રના કુલદિપ સિંહ વાળાની ઈંગ્લેન્ડ કબડ્ડી એસોસિએશન (EKA) તથા મેજર કબડ્ડી લીગ (MKL) માટે સત્તાવાર ખેલાડી તરીકે પસંદગી કરવામાં આવી છે. આ માટે તાજેતરમાં જ કરાર પર ચરોતરના ગૌરવવંતા ખેલાડી સંજયકુમાર ઠાકોર સહિત અન્ય બે ગુજરાતી ખેલાડીઓએ હસ્તાક્ષર કર્યા છે. આ કરાર હેઠળ તેઓ મેજર કબડ્ડી લીગમાં ભાગ લેશે અને લીગ તેમજ એસોસિએશન દ્વારા નિર્ધારિત નિયમો અને શરતોનું પાલન કરશે.

પ્રાપ્ત માહિતી મુજબ સંજયકુમાર ઠાકોર, સાહિલ ઠાકોર અને કુલદિપ વાળા ભારતીય નાગરિક છે. તેઓ હાલમાં લંડનમાં વસવાટ કરે છે. તેઓ સાથેનો આ કરાર 31 મે, 2026થી અમલમાં આવ્યો છે અને 30 નવેમ્બર, 2026 સુધી માન્ય રહેશે. કરાર હેઠળ ખેલાડીએ લીગની તમામ મેચો, તાલીમ શિબિરો, પ્રચારાત્મક કાર્યક્રમો અને સત્તાવાર પ્રવૃત્તિઓમાં સક્રિય રીતે ભાગ લેવાનો રહેશે.

**કબડ્ડી ખેલાડીઓને આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રતિભા દર્શાવવાની મહત્વપૂર્ણ તક**

સંજયકુમાર ઠાકોર “લેફ્ટ કોર્નર (ઓલરાઉન્ડર)” તરીકે ટીમ સાથે જોડાયા છે. આ કરાર તેમના માટે આંતરરાષ્ટ્રીય સ્તરે પોતાની પ્રતિભા દર્શાવવાની મહત્વપૂર્ણ તક સાબિત થશે અને ભારતીય કબડ્ડી માટે પણ ગૌરવની બાબત માનવામાં આવી રહી છે. સંજયકુમાર ઠાકોર સાથે અન્ય બે ગુજરાતી ખેલાડીઓની પણ પસંદગી કરવામાં આવી છે. જેમાં વાળા કુલદીપસિંહ નારણભાઈ વતન સરખડી, તા કોડીનાર જી .ગીર સોમનાથ અને સાહિલકુમાર રાયસંગભાઈ ઠાકોર રહે જલુધ તા. ખંભાત જી આણંદનો સમાવેશ થાય છે




ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
|---|---|
| જય એન્ટરપ્રાઈઝ | ઈશાન ન્યુઝ પેપર એજન્સી |
| કિશોર પ્લાઝા, | સાગર ભુવન, ડભાણ |
| આણંદ. | ભાગોળ, નડિયાદ |

**કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો**

મો. 99250 30225, મો. 99255 50225